# ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડ

**ગુજરાત સરકારનું સાહસ**

રજી. ઓફિસ: બ્લોક નં. ૬, ૫મો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૧, ''ઘ'' રોડ, ગાંધીનગર.

ટેલી. ફેક્સ નં. (૦૭૯) ૨૩૨ ૪૬૧૨૬/૨૭/૨૮ , **CIN: U75140GJ1999SGC036051**

Website:- www.gudcltd.com E-mail:- contact@gudclt.com


## <u>સ્ટેશનરી પ્રિન્ટીંગની કામગીરી અંગેનું ભાવપત્રક</u>

(૧) એજન્સીનું નામ :

(૨) એજન્સીના અધિકૃત વ્યક્તિનું નામ:

(૩) સરનામું :

(૪) ફોન/મોબાઈલ નં:

(૫)* વ્યવસાય રજીસ્ટ્રેશન નંબર :
(શોપ્સ & એસ્ટા. એક્ટ મુજબનું)

(૬)* વ્યવસાયમાં જોડાયાનું વર્ષ :

(૭)* છેલ્લા ત્રણ વર્ષના વાર્ષિક ટર્નઓવરની વિગતો
(અ) વર્ષ ૨૦૧૫-૧૬ :
(બ) વર્ષ ૨૦૧૬-૧૭ :
(ક) વર્ષ ૨૦૧૭-૧૮ :

(૮)* આવકવેરા હેઠળ નોંધાયેલ PAN નંબર :

(૯)* GST નંબર :

- (ઉપરોક્ત રીતે મુદ્દા નં. ૫ થી ૯ ને લગતા જરૂરી આધાર પુરાવા બિડાણ કરવાના રહેશે.)

| Sr. No. | Items | Specifications | Min. Qut. | Rates In Rs. |
|---|---|---|---|---|
| 1 | GUDC Visiting Card | Imported White Textured Card 250gsm, With five color screen printing | 1000 | |
| 2 | Visiting Card | Change in name with single color printing | Up to 300 | |
| 3 | GUDC Letter Head | Executive Bond paper 85gsm, with five color screen printing (Gujarati & English) | 1000 | |
| 4 | GUDC Plane Envelope | Sunshine Super Printing 85gsm, with five color screen printing (Gujarati & English) | 1000 | |
| 5 | GUDC Window Envelope | Sunshine Super Printing 85gsm, with five color screen printing (Gujarati & English) | 1000 | |
| 6 | Special Letter Head | Imported White Alabaster Paper 100gsm, in Offset Printing (Gujarati & English) | 1000 | |
| 7 | Special Visiting Card | Imported Cream Textured Card 300gsm, With five color screen printing on Front & One Color Printing on Bank Side | 1000 | |
| 8 | Special Letter Head | Imported Cream Textured Card 100gsm, With five color screen printing &Special Golden Seal Embossed Printing | 1000 | |
| 9 | Special Envelope | Imported Cream Textured Card 100gsm, With five color screen printing &Special Golden Seal Embossed Printing | 1000 | |
| 10 | GUDC Cloth Envelope | Size 10’’ ×12” with five Colour Screen Printing | 1000 | |
| 11 | GUDC Cloth Envelope | Size 10’’ ×15” with five Colour Screen Printing | 1000 | |
| 12 | GUDC Heavy File Cover (Heavy Quality) | Size 10’’ ×13.5” with Multi Colour Screen Printing | 1000 | |
| 13 | GUDC Plastic Folder | Size Legal With five colur screen printing | 1000 | |
| 14 | Plastic Folder | A4 Size ( L – Folder) with Multi Colour Screen Printing | 1000 | |

**નોંધ :**

આ ભાવપત્રક સાથે રૂા.૫૦૦/– ની રકમનો ચેક/ડીમાન્ડ ડ્રાફ્ટ ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડના નામે આ પત્રક સાથે બિડાણ કરવાનો રહેશે અને જે રકમ નોન–રીફન્ડેબલ રહેશે. સદર રકમના ચેક/ડીમાન્ડ ડ્રાફ્ટ વગરનું ભાવપત્રક ધ્યાને લેવામાં આવશે નહીં.

**શરતો:**

(૧) ભાવ ભરનાર એજન્સીએ ભાવપત્રક સાથે રૂા.૨૦,૦૦૦/– ની ઈ.એમ.ડી. (બાનાની રકમ) ની રકમનો કોઈપણ રાષ્ટ્રીયકૃત બેંકનો ગાંધીનગર ખાતે ચૂકવવાપાત્ર ચેક “**Gujarat Urban Development Company Limited**” ના નામનો બિડાણ કરવાનો રહેશે. ઈ.એમ.ડી. (બાનાની રકમ) વગરના ભાવપત્રક ધ્યાને લેવામાં આવશે નહી. જીયુડીસીના સક્ષમ અધિકારીશ્રી દ્વારા ભાવપત્રકના સૌથી ઓછા ભાવે મંજૂર કરવામાં આવ્યા બાદ, જે એજન્સીના ભાવો સૌથી નીચા હશે, તે સિવાયની અન્ય એજન્સીઓને તેઓએ ભરેલ ઈ.એમ.ડી (બાનાની રકમ) એક માસમાં પરત કરવામાં આવશે. ઇ.એમ.ડી.ની રકમ ઉપર કોઈપણ પ્રકારનું વ્યાજ મળવાપાત્ર થશે નહીં.

(૨) સિક્યોરીટી ડીપોઝીટની રકમ પેટે રૂ. ૨૦,૦૦૦/– રહેશે. જે એજન્સીના ભાવો મંજૂર થયા હશે તેઓએ ભરેલ ઈ.એમ.ડી. (બાનાની રકમ) ની રકમ સિક્યોરીટી ડિપોઝીટમાં ફેરબદલ કરવામાં આવશે. સદર રકમ કરારની મુદત પૂર્ણ થયાના એક મહિના બાદ, કામગીરી સંતોષકારક જણાયે અને બીલ સરભર થયે એજન્સીને પરત ચૂકવવામાં આવશે. સિક્યોરીટી ડિપોઝીટની રકમ ઉપર કોઈપણ પ્રકારનું વ્યાજ મળવાપાત્ર થશે નહીં.

(૩) ભાવ મંજૂર થયા અંગેની અત્રેથી સંબંધિત એજન્સીને લેખિત જાણ કર્યા તારીખથી દિન–૧૦ (દશ)માં સાથોસાથ રૂા.૧૦૦/–ના નોન–જ્યુડીશીયલ સ્ટેમ્પ, જેતે એજન્સીએ તેમની સંસ્થાના નામનો સ્વ–ખર્ચે ખરીદી કરારખત કરાવી, અત્રેથી વર્ક ઓર્ડર મેળવી લેવાનો રહેશે. આમ કરવામાં વિલંબ થશે તો કોઈપણ જાતની રજૂઆતોને ધ્યાને લીધા વિના, મંજૂર થયેલ ભાવો એક તરફથી રદ કરી, ઇ.એમ.ડી. તરીકે જમા કરાવેલ રકમ રૂા.૨૦,૦૦૦/– જપ્ત કરવામાં આવશે.

(૪) જો એજન્સી આ સેવા સંતુષ્ઠ રીતે પૂરી પાડવામાં નિષ્ફળ નીવડે અને જીયુડીસી કચેરીને તેની સદરહુ સેવાઓથી અસંતોષ થાય તો એજન્સીની સીક્યોરિટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે અને તેમની સાથે સદરહુ કામગીરી અંગેનો થયેલ કરાર સમાપ્ત કરાશે, જે માટે તેને કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય ૧૫ (પંદર) દિવસની લેખિત નોટિસ આપવામાં આવશે. જીયુડીસી કચેરી આ કારણે થયેલ ખર્ચ, નુકસાન કે અન્ય કોઈપણ મુશ્કેલી માટે જવાબદાર રહેશે નહીં. આ રીતે રદ થયેલ કરારના બાકીના સમયગાળાનું કોઈ વળતર આપવામાં આવશે નહીં. આ સંજોગોમાં જીયુડીસીને અન્ય એજન્સીને મંજૂર થયેલ ભાવો, શરતો અને બોલીઓએ નિયુક્ત કરવાનો અબાધિત અધિકાર રહેશે.

(૫) સદર કામગીરીના બાબતે જો કોઇ વાદ વિવાદ ઉપસ્થિત થાય તો તેવા સંજોગોમાં વહીવટી સંચાલકશ્રી, જીયુડીસીનો નિર્ણય આખરી રહેશે અને જે બંને પક્ષકારોને માન્ય રહેશે.

(૬) એજન્સીએ ભાવ પત્રકમાં થયેલ સુધારા–વધારાની બાજુમાં તેમજ ભાવપત્રકના દરેક પેજ ઉપર અધિકૃત વ્યક્તિના સહી/સિક્કા અવશ્ય કરવાના રહેશે.

(૭) સદરહુ ભાવો કોઇપણ કરવેરા સિવાયના ભરીને મોકલવાના રહેશે, તેમજ બિલ રજૂ કરતી વખતે લાગુ પડતો ટેક્ષ અલગથી આકારવાનો રહેશે તેમજ બિલ રજૂ કરવાનું રહેશે.

(૮) જો એજન્સી દ્વારા ભાવપત્રકમાં ભરવાના થતા ભાવો અંગે અધૂરી માહિતી ભરેલ હશે તો સદરહુ ભાવપત્રક અપૂરતું ગણી રદબાતલ ગણવામાં આવશે.

(૯) કચેરી દ્વારા ખરીદી હુકમ/ટેલિફોનિકથી જણાવેલ માલ–સામાન કચેરી સુધી પહોંચાડવાની જવાબદારી સંબંધિત એજન્સીની રહેશે. આ અંગે અલગથી કોઈ ચાર્જ આપવામાં આવશે નહી.

(૧૦) એજન્સીએ ભરેલ ભાવો, ભાવપત્રક ખોલ્યા બાદ ૬૦ દિવસ સુધી માન્ય રહેશે, આ સમય દરમિયાન એજન્સી તેની ઓફર પરત ખેંચી શકશે નહીં અથવા તો તેમાં કોઈ સુધારો કરી શકશે નહીં, જો એજન્સી દ્વારા આમ કરવામાં આવશે તો તેમની ઈ.એમ.ડી. (બાનાની રકમ) જપ્ત કરવામાં આવશે. અને સદર એજન્સી ઉપર્યુક્ત કામગીરી કરવા સક્ષમ નથી તે મુજબ ભવિષ્યમાં ધ્યાને લેવામાં આવશે.

(૧૧) ભાવપત્રક અનુસંધાને ભાવો મંજુર કર્યા બાદ કોઈપણ પ્રકારનો ભાવ વધારો કરારના સમયગાળા દરમિયાન આપવામાં આવશે નહીં.

(૧૨) જીયુડીસી કચેરીએ ચુકવણા અર્થે રજૂ કરેલ બિલોમાંથી કાયદાકીય જરૂરી કપાત કરી ચુકવણું કરવામાં આવશે.

(૧૩) આ કરાર બિન તબદીલી પાત્ર છે. એજન્સી પેટા એજન્સી રોકી શકશે નહીં અને સક્ષમ સત્તા / કચેરીની પૂર્વ મંજૂરી સિવાય એજન્સી અન્ય કોઈ એજન્સીને આ કામ તબદીલ કરી શકશે નહીં.

(૧૪) આ કરારનામુ કરાર થયાની તારીખથી એક વર્ષ માટે અમલમાં રહેશે અને ત્યારબાદ પરસ્પર સહમતિથી વધુ એક વર્ષ માટે કરાર લંબાવી શકાશે. જરૂર જણાય તો ગુજરાત શહેરી વિકાસ કંપની આ સમયગાળામાં અને શરતોમાં ફેરફાર કરી શકશે.

(૧૫) નવા ભાવપત્રક મંગાવવાના થાય તેવા સંજોગોમાં, કરારનો સમયગાળો પૂર્ણ થયા બાદ, જીયુડીસી તેની જરૂરિયાતને ધ્યાને રાખી, થયેલ કરારખતની અવધી કરારમાં જણાવેલ શરતોને આધીન વધુ ૩ (ત્રણ) માસની મર્યાદામાં લંબાવી શકશે.

(૧૬) જો એજન્સી કરાર ચાલુ રાખવા ઈચ્છતી ન હોય તો, એજન્સીએ ૩ માસની લેખિત નોટિસ આપવાની રહેશે. તે પરિસ્થિતિમાં તેની સિક્યોરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે. આ સંજોગોમાં જીયુડીસીને અન્ય એજન્સીને મંજૂર થયેલ ભાવો, શરતો અને બોલીઓએ નિયુક્ત કરવાનો અબાધિત અધિકાર રહેશે.

(૧૭) એજન્સીના માલિકના મૃત્યુના કિસ્સામાં કરાર સમાપ્ત થયેલો ગણાશે અને તેના કાયદેસરના વારસદારોને કોઈ હક્ક/દાવો રહેશે નહીં. આમ છતાં, એજન્સીના માલિકના કાયદેસરના વારસદારો કરારની બોલીઓ અને શરતો મુજબ નિયત ભાવોના ધોરણે જ આ કામગીરી ચાલુ રાખવા માંગતા હોય તો કરારના સમયગાળા સુધી અથવા કંપનીની જરૂરિયાત જે બે માંથી વહેલી હશે તે મુજબ જીયુડીસીને લેખિતમાં જણાવી સદર કામગીરી ચાલુ રાખી શકાશે.

(૧૮) ભાવપત્રકમાં સંપૂર્ણ વિગતો **તા.૩૦/૦૪/૨૦૧૮** સુધીમાં જીયુડીસી કચેરીમાં સીલબંધ કવરમાં કચેરી સમય દરમિયાન મળી જાય તે રીતે રજી.પો.એ.ડી./ કુરીયરથી જ મોકલી આપવાના રહેશે. રૂબરૂ ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહીં, નિયત તારીખ બાદ મળેલા ટેન્ડરો વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૧૯) નિયત સમયમર્યાદામાં રજી.પો.એ.ડી/કુરીયરથી મળેલા ભાવપત્રકો **તા.૦૨/૦૫/૨૦૧૮** ના રોજ **૧૧:૩૦ કલાકે** ગુજરાત શહેરી વિકાસ કંપની લિ., ગાંધીનગર ખાતે ખોલવામાં આવશે, જેમાં ભાવપત્રક ભરનાર અથવા અધિકૃત કરેલા તેમના એક પ્રતિનિધિ હાજર રહી શકશે.

(૨૦) એજન્સીને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

(૨૧) શરતી ભાવપત્રક માન્ય ગણાશે નહીં.

(૨૨) કોઈપણ પ્રકારના વિવાદ માટે ન્યાયનું ક્ષેત્ર ગાંધીનગર (ગુજરાત) રહેશે.

ઉપરોક્ત તમામ બોલીઓ અને કામગીરીની શરતો મેં / અમે વાંચી છે અને હું / અમે બરાબર સમજ્યા છીએ. ઉપરોક્ત ભાવપત્રકમાં નિર્દિષ્ટ કામનો પ્રકાર અને પદ્ધતિ પણ વાંચી સમજીને સ્વીકારીએ છીએ. આ સર્વે બોલીઓ, શરતો અને કામગીરીની વિગતો અને પદ્ધતિનો કોઈપણ વાંધો, વિરોધ કે તકરાર સિવાય સંપૂર્ણપણે સ્વીકાર કરૂ છું /કરીએ છીએ અને આ ભાવપત્રક ભર્યુ છે.

**સ્થળ :**

**તારીખ :** **એજન્સીના અધિકૃત વ્યક્તિની સહી/સિક્કો**